Extra No. 419

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, NOVEMBER 25, 2025 / AGRAHAYANA 4, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મુજબ

નં.પીઓએલ(૧)/વશી/૬૯૯૧-૭૦૦૩/૨૦૨૫.-નડીઆદ મોડાસા લાઈન પર ફાટક ક્રમાંક નં.૩૧ ને સમારકામ કરવાના કામે બંધ રાખી સદર ફાટક પરથી પસાર થનારા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉકત ફાટક પરના ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ ઉપર ડાઈવર્ટ કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિનિયર સેકશન ઈજનેરશ્રી (વર્કસ), નડિઆદ, વે.રેલ્વેનાઓએ તેઓના તા. ૧૦/૧૧/૨૦૨૫ ના પત્ર થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૧૩૮૬/૨૦૨૫, તા.૧૩/૧૧/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. સિનિયર સેકશન ઈજનેરશ્રી (વર્કસ), નડિઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૮/૧૧/૨૦૨૫ સ.ક.૦૮-૦૦ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સ.ક.૨૦-૦૦ ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) મહુધા ચોકડી થી વડથલ ફાટક થઈ કઠલાલ ચોકડી તરફ જતો વાહન વ્યવહાર

2) કઠલાલ ચોકડી થી વડથલ ફાટક થઈ મહુધા ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) મહુધા ચોકડી થી વડથલ ફાટક થઈ કઠલાલ ચોકડી તરફ જતો વાહન વ્યવહાર

- મોટા તમામ વાહનો મહુધા ચોકડી થી ડાકોર રોડ, અલીણા ચોકડી થી વળી મહીસા, સીતાપુરા પાટીયા થી અમદાવાદ-ઈન્દરો રોડ થઈ આગળ તરફ જઈ શકશે.

- ફોર વ્હીલર નાના વાહનો/ટુ વ્હીલર નાના વાહનો મહુધા ચોકડી થી રૂપપુરા, બલોલ થઈ મીનાવાડા, ફલોલી, ભાનેર થઈ આગળ તરફ જઈ શકાશે તથા મહુધા ચોકડી થી ફીણાવ ભાગોળ થી ડુસર ગામ, રામના મુવાડા, પીર ભડીયાદ રસ્તે થઈ આગળ તરફ જઈ શકાશે.

- મોટા તમામ વાહનો મહુધા ચોકડી થી સિંહુજ ચોકડી, અકલાયા, કઠલાલ થઈ આગળ જઈ શકશે અથવા મહુધા ચોકડી થી અલીણા ચોકડી, મહીસા, સીતાપુર પાટીયા થઈ કઠલાલ ચોકડી તરફ જઈ શકાશે.

2) કઠલાલ ચોકડી થી વડથલ ફાટક થઈ મહુધા ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

- કઠલાલ ચોકડી થી પીઠાઈ, અકલાચા ચોકડી, મહુધા રોડ થઈ આગળ જઈ શકશે અથવા કઠલાલ ચોકડી થી લાડવેલ ચોકડી તરફ સીતાપુરા પાટીયા, મહીસા, અલીણા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા રેલ્વે વિભાગ, નડીયાદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૧૭/૧૧/૨૦૨૫.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.10 17:25:48 IST